# પન્ના–કાવ્યો

–પન્ના નાયક–

**1.**

## હીન્દુ સમાજ

આપણો હીન્દુ સમાજ કેટલો ઉત્કૃષ્ટ હતો !
        કેટલો સર્વશ્રેષ્ઠ હતો !
ખાસ કરીને છોકરીઓની બાબતમાં -
એમને કહેતો :
        શાળાની કેળવણીની અપેક્ષા નહીં રાખવાની,
એમને કહેતો :
        સારાં મા-દીકરી બનવાનું,
એમને કહેતો :
        ડાહ્યાડમરા બનવાનું,
એમને કહેતો :
        સરળ થવાનું,
એમને કહેતો :
        નીચી નજરે જોવાનું,
એમને કહેતો :
        સહનશીલ વૃત્તીવાળા થવાનું,
એમને કહેતો :
        હોઠ સીવેલા રાખવાના,
એમને કહેતો :
        બળવો નહીં પોકારવાનો,
એમને કહેતો :
        કોઈ ખરાબ કરે, એ સારા માટે છે એમ માનવાનું,
એમને કહેતો :
        કોઈ તમાચો મારે, તો બન્ને ગાલ ધરવાના,

એમને કહેતો :

        કુટુમ્બ નભાવવાનું અને કુટુમ્બમાં નભી જવાનું,

એમને કહેતો :

        પતીને પરમેશ્વર માનવાનો,

એમને કહેતો :

        પતી અવસાન પામે તો જીન્દગીભર મુરઝાયેલા રહેવાનું,

એમને કહેતો :

        એમના છોકરાઓને લાડકોડથી ઉછેરવાના,

એમને કહેતો :

        એમના છોકરાઓને સારા સંસ્કારની દીક્ષા આપવાની,

એમને કહેતો :

        એમના છોકરાઓને પુરતું શીક્ષણ આપવાનું..

સાચે જ......
છોકરીઓની બાબતમાં,
આપણો હીન્દુ સમાજ કેટલો ઉત્કૃષ્ટ હતો !
            કેટલો સર્વશ્રેષ્ઠ હતો !!

## 2.

એક બગીચો મારી અંદર, એક બગીચો મારી બહાર;
અંદર–બહારના ભેદ ભુલીને, રંગનો ઉછળે પારાવાર.

    લીલા રંગના ઉડે ફુવારા,
      ગુલાબની એક આલમ;
    પાંદડીઓની વચ્ચે કેવાં
        પતંગીયાં  મુલાયમ !
કબીર થઈને કાળ વણે છે, રંગરંગના તારેતાર,
એક બગીચો મારી અંદર, એક બગીચો મારી બહાર.

    સફેદ રંગ તો મીરાં જેવો,
       નીલ રંગ તો શ્યામ;

સૂરદાસની આંખની પાછળ
રંગનું ગોકુળ ગામ.
રંગરંગમાં આંખ જુએ છે હરીવરનો અવતાર,
એક બગીચો મારી અંદર, એક બગીચો મારી બહાર.

**3.**

હાથ તો હું લંબાવી શકું
પણ
તમે તો મુઠ્ઠી વાળીને બેઠા છો !
તમારી બંધ મુઠ્ઠીમાં શું છે
એ હું નથી જાણતી;
પણ
મારી ખુલ્લી હથેળીમાં
હજીયે પંખીઓના
તાજા ટહુકાઓ છે
ખીલેલાં ગુલાબ જેવા.

તમે ઝીણવટથી જોશો તો
મારી હથેળીમાં
તમારે માટે
જતનપુર્વક સાચવી રાખેલી
ચંદ્રલેખાય
એવી ને એવી મોજુદ છે.
તમારી મુઠ્ઠીમાં
જે હોય તે
મને એની કોઈ તમા નથી.
હું તો હાથ લંબાવી શકું
પણ શું કરું ?
તમે જ મુઠ્ઠી વાળીને બેઠા છો !
તમે જ...!

## 4. હજીય ચચરે છે

પંચમહાભુતોનું બનેલું
બાનું શરીર,
ક્યારનુંય
ભસ્મીભુત થઈ,
નામશેષ થઈ ગયું
અને છતાંય
ચીતામાં દાહ દીધેલી કાયાની
ઓલવાતી આગનો
આછો ધુમાડો,
જોજનો દુરથી આવીને
હજીય ચચરે છે
મારી આંખોમાં
ને
એને ઓલવવા
ઉભરાયા કરે છે
ઉનાં ઉનાં પાણી...

## **5. મૃત્યુને**

તું
મારી નૌકાના સઢમાં
છીદ્ર પાડી
પવન ચોરી જઈશ
ને
આખી નૌકામાં
દરીયો છલકાવી
એને ડુબાડી દઈશ

સાગરના પેટાળમાં;
પણ
કવીતાની પંક્તીઓમાં
મહોરેલી મારી વસંતને
ક્યારેય ફેરવી નહીં શકે
પાનખરમાં…
ક્યારેય નહીં…

## 6. લ્હેરખી

હવાની એક લ્હેરખી આવે,
સુગન્ધ, ટહુકા, પીંછાંઓને વેરતી આવે,
ધુમ્મસમાં મને ઘેરતી આવે,
સપનાંઓને ઉછેરતી આવે.
હવાની એક લ્હેરખી આવે…

હું તો કશું વીણતી નથી,
કાલની વાતને છીણતી નથી,
આંખમાં અફીણને ફીણતી નથી,
આવે ત્યારે આપમેળે, એ
લહેરતી લહેરતી લહેરતી આવે.
હવાની એક લ્હેરખી આવે…

પંખીને હું પાળતી નથી,
જીવને મારા બાળતી નથી,
પીંજરાને પંપાળતી નથી,
નહીં જાણું એમ કોઈકને ઘેરથી,
કઈ દીશાથી, કઈ નીશાથી,
જાણે કોઈકની મહેરથી આવે.
હવાની એક લ્હેરખી આવે…

**7.**

આભનો ભુરો રંગ ને મારા ફુલનો લાલમલાલ,
રંગની લીલા જોઈને મારે નેણ તો ન્યાલમન્યાલ.

રાતનું વહેતું શ્યામ સરોવર
એમાં નૌકા શ્વેત,
સમજું નહીં કે ચાંદ ઉગે
કે ઉગતું કોઈનું હેત,
આજ તો મારી સાવ સુંવાળી : લીલમલીલી કાલ,
આભનો ભુરો રંગ ને મારા ફુલનો લાલમલાલ.

પવન પોતે વૃક્ષ થઈને
ડોલતું રહે હરીયાળું,
મનમાં હવે ક્યાંય નથી કોઈ
કરોળીયાનું જાળું,
ગમતીલા ગુલાલમાં વેરે કોઈ તો વ્હાલમવ્હાલ,
આભનો ભુરો રંગ ને મારા ફુલનો લાલમલાલ.

## કેટલાંક હાઈકુ

| | | | |
|---|---|---|---|
| શમણે મળો-<br>તો નહીં વગોવાય<br>પ્રેમ આપણો | સ્ટેશન પર<br>શ્વાસ લેવા રોકાય<br>હાંફતી ટ્રેન | સ્પર્શી તો જુઓ–<br>નથી લજામણી કે<br>બીડાઈ જાઉં | 'ધોળો થયો છું'<br>કહી, નાચ કરતો<br>કાગડો સ્નોમાં |
| અંધારસ્ટેજે<br>પવન પખવાજે<br>સ્નોફ્લેક્સ નૃત્યો | પીઠી ચોળાવી<br>બેઠાં છે ડેફોડિલ્સ<br>ઘાસમંડપે | સ્પર્શું તમને<br>પાંપણની કોરથી<br>ભરમેળામાં | સુરજમુખી<br>સુરજ સાથે ફરે-<br>હું દીશાહીન |
| તારી જુદાઈ<br>ખુંચે, પગ તળેના<br>કાંકરા જેવી. | ધોધમાર તું<br>વરસ્યો, લીલોછમ્મ<br>થયો સમય | કુંડે સુકાતી<br>તુલસી, શોધ્યા કરે<br>બાનાં પગલાં | ટેલીવીઝન<br>બોલ બોલ કરે ને<br>માણસો ચુપ |

| | | | |
|---|---|---|---|
| તડકો સુતો<br>ડાળી પર, ફુલનું<br>ઓશીકું કરી | વાતાનુકુલ<br>ઈમારતો, અન્દર<br>હવા કણસે | મળવા એને<br>પ્હાડો ઓળંગ્યા, પણ<br>નડ્યો ઉંબર | ઉપડે ટ્રેન-<br>ફરફરી ના શકે<br>ભીનો રુમાલ |

–પન્ના નાયક–

તાજેતરમાં પ્રકાશીત થયેલા કવયીત્રીના રુપકડા હાઈકુ–પુસ્તક **‘અત્તર–અક્ષર’** (પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન – email - imageabad@gmail.com પ્રથમ આવૃત્તી: 2011, પૃષ્ઠસંખ્યા: 210, મુલ્ય: રુપીયા 250, વીદેશમાં: $ 10 – સમ્પર્ક: પન્ના નાયક)માંથી સાભાર...

સર્જક–સમ્પર્ક:
Panna Naik, 9034-Lykens Lane, Philadelphia, PA – 19128 - USA – eMail: naik19104@yahoo.com Phone: 215-487-7142

(પન્નાબહેનની કવીતા અને હાઈકુની મઝા માણવા એમના લોકપ્રીય બ્લૉગ ‘વીદેશીની’( http://pannanaik.com/ )ની મુલાકાત લઈ શકો છો..

સને ૨૦૦૬માં શ્રી પન્નાબહેનનાં પાણીદાર કાવ્યોની **‘કાવ્ય-કુસુમો’ના નામે** 68મી ‘સ.મ.’ કરેલી તે વાંચવા અને કવયીત્રીની તસ્વીર અને તેમનો પરીચય પામવા મન થાય તો નીચેની લીંક ક્લીક કરવા વીનન્તી...

http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM

**‘સન્ડે–ઈ–મહેફીલ’**ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી–અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ **શ્રી હરનીશ જાની** (harnish5@yahoo.com)નો ખુબ ખુબ આભાર...... *બળવન્ત પટેલ – ઉત્તમ ગજ્જર*)

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: સાતમું – અંક: 219 –June 05, 2011**

**‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર** – uttamgajjar@gmail.com

(●)(♦)(●)

Earlier Articles of all 'Sunday eMahefil's can easily be downloaded from our website:
http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM

(♦)(●)(♦)(●)(♦)

More than 77,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 7,80,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 1,20,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

You too are invited to visit Gujaratilexicon with a new interface.

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: સાતમું – અંક: 219 –June 05, 2011

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

(●)(♦)(●)(♦)(●)(♦)(●)